

## મોડાસા મહિલા આઈટીઆઈમાં વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી અને ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી મહિલા આઈટીઆઈમા અભ્યાસ કરતી વિદ્યાર્થીઓ દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે રંગારંગ વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થામા અભ્યાસ કરતી વિદ્યાર્થીઓમાં રહેલી સુસુપ્ત અવસ્થા બહાર લાવવા અને વિદ્યાર્થીનીઓ સમાજમાં ઔદ્યોગિક ક્ષેત્રે પણ પુરુષ સમોવડી બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. સોમવારે મહિલા આઈટીઆઈમા સાંસ્કૃતિક કાર્યક્રમો અને વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અભ્યાસાર્થીનીઓ દ્વારા વિવિધ નૃત્ય, પારંપરિક ગરબા, ફેશન શો, વેસ્ટર્ન ડાન્સ, સીંગીગ, નાટક, એક પાત્રીય અભિનય, વકૃત્વ જેવા વિવિધ સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ રજુ કરી આઈટીઆઈ શૈક્ષણિક સ્ટાફ સહીત વિદ્યાર્થીઓના વાલીઓના મન મોહી લીધા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા મોડાસા નગર પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, નગરસેવક કલ્પનાબેન ભાવસાર, નોડલ સંસ્થાના આચાર્યો અને નિવૃત આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન મહિલા આઈટીઆઈના પ્રિન્સિપાલ એ.સી. પલાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ભિલોડાના મોંધરી ગામે સ્વચ્છતા જાગૃતિ શિબિર

ભિલોડા તાલુકાના મોંધરી ગામમાં એન.એસ.એસ. વિભાગ ધ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ. એસ. એચ. જોષી, બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણા એન.એસ.એસ. વિભાગ ધ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિર ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. સામારંભ અધ્યક્ષ જગદીશભાઈ પટેલ જીલ્લા ખેતીવાડી અધિકારી, ભિલોડા તાલુકા વિકાસ અધિકારી કીરીટભાઈ ચૌધરી, મુખ્ય મહેમાનો બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, આચાર્ય ડાૅ.કલ્પનાબેન પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## મોડાસા એમએસડબ્લ્યુ કોલેજમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા અનાથ બાળકોને પતંગ વિતરણ કરાયા

અરવલ્લી જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા સમાજ સુરક્ષા કચેરી દ્વારા મોડાસાની એમએસડબ્લ્યુ કોલેજ હોલમાં અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા બાળ સુરક્ષા સમિતિના ચેરમેન રાજેન્દ્ર પારધીના અધ્યક્ષસ્થાને પાલક માતા-પિતા યોજના અંતર્ગત જિલ્લામાં વધુ ૭૨ બાળકોને સહાય મંજૂરી આદેશ આપવામાં આવ્યો હતો. ઉત્તરાયણ પર્વ નિમિત્તે બાળકોને પતંગ-દોરી વિતરણ કરી સહાય આપવામાં આવી હતી.

# મહેસાણા નગરપાલિકામાં ભાજપની તમામ કમિટીઓ રદ્દ કરાઈ : કોંગ્રેસ ફરી સત્તા પર

મહેસાણા નગરપાલિકામાં આજે રાજકારણ ગર્મ્યું છે જેમાં ભાજપના ટેકાથી બનાવેલા પ્રમુખના હોદા સિવાય ભાજપના તમામ કમિટીઓને આજે સાધારણ સભામાં રદ કરવામાં આવી છે. જ્યારે ભાજપે પમુખને સત્તા છોડવા માટેની માગની સાથે ઠરાવો ખોટા થયાની અપીલ જિલ્લા કલેકટરને કરીને કોગ્રેસે કથિત કોભાંડ કાર્યનું જણાવ્યું છે.



મહેસાણા નગરપાલિકામાં આજે મામલો બોર્ડમાં ગરમાવો આવી ગયો હતો જેમાં કોગ્રેસની બોડીમાં પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકવામાં આવી હતી અને કોગ્રેસમાં બે ફાતિયા પડ્યા હતા અને એક પક્ષે ભાજપના ટેકા સાથે કમિટીની રચના તો કરી જ હતી પરતું કોગ્રેસે પ્રમુખનો હોદો લઈને ૧૦ સભ્યો ભાજપમાં ગયા હતા ત્યારે ચુંટણી બાદની ચિંતન શિબિરમાં કોગ્રેસના બે ફતીયાને ભેગા કરવામાં આવ્યા હતા અને આજે સાધારણ બોર્ડમાં ગત બોર્ડની બેઠકની બહાલીના મુદે બેઠક બોર્ડ સ્વરૂપે મળી હતી જેમાં કોગ્રેસે સંપૂર્ણ બહુમતી સાથે આજે ભાજપના તમામ કાર્યોને ના મંજુર કાર્ય હતા. તો કમિટીઓ જે ભાજપના ચેરમેન પદ હતા તે નામંજુર કરીને તમામ ૦ સભ્યો પૈકી ૮ સભ્યો કોગ્રેસમાં ગયા છે જ્યારે બે સભ્યો ભાજપમાં જ રહીને નજારો જોયો હતો. જ્યારે એક સભ્ય વિષ્ણુભાઈ પટેલ ભાજપ છોડીને કોગ્રેસની બેંચમાં બેઠેલા જોવા મળ્યા હતા. તેમ ગીરીશ રાજગોર ભાજપ કોર્પોરેટરે જણાવ્યું હતું. આજે પાલિકાના બોર્ડમાં પક્ષની હુસા તુસી ખાસ જોવા મળી હતી. જેમાં એક તરફ ભાજપના એક સભ્ય વિષ્ણુભાઈ પટેલ કોગ્રેસમાં બેઠા હતા અને ભાજપને ટેકો લઈને ૧૦ સભ્યો જે કોગ્રેસમાં ગયા હતા તે સભ્યોમાં ૮ સભ્યો આજે કોગ્રેસમાં ગયા હતા. જ્યારે એક સભ્ય ભાજપનો કોગ્રેસમાં ગયાનું જણાઈ આવ્યું છે. જ્યારે આ સમગ્ર મામલે ભાજપે કોગ્રેસ પર આકરા પ્રહારો કરીને સત્તા ગઈ હોવાથી રોષ વ્યક્ત કરીને કોગ્રેસને કૌભાંડી ગણાવી હતી અને કરોડોની જમીન મફતમાં એક ખાનગી કંપનીને આપી દીધાનું જણાવ્યું હતું અને તેનો અભિપ્રાય લેવામાં આવ્યો ન હોવાનું જણાવ્યું હતું. જ્યારે કમિટીની નિમણુક થયા બાદ એક વર્ષ સુધી કમિટી રદ થતી નથી તેમ છતાં કોગ્રેસે પોતાની મનમાની કરીને બહુમતી કરીને ઘર વાપસી કરી હતી અને તમામ આરોપોને ફગાવી દેવામાં આવ્યા હતા. તેમ ઘનશ્યામ સોલંકી કોગ્રેસ કોર્પોરેટરે જણાવ્યું હતું. જ્યારે આજે મતદારોને કોગ્રેસ દ્વારા આકર્ષિત કરવામાં કોગ્રેસ સફળ રહ્યું છે ત્યારે કોગ્રેસના કકડાટમાં હજુ બે સભ્યો ભાજપમાં છે જ્યારે એક સભ્ય ભાજપને છોડીને કોગ્રેસમાં આવ્યા છે તે જોતા મતદારો પરના વિશ્વાસને આ રાજકારણીઓ સત્તાની લાલચમાં ક્યારે પાટલી બદલી જાય તે નક્કી નથી હોતુંનું સૂત્ર મહેસાણા નગરપાલિકામાં ચોક્કસ સાર્થક થયું છે તેમ કહીએ તો નવાઈ નહી.

## પરેશ ધાનાણીની નિમણુંકથી મહેસાણામાં જશ્ન

આજે મહેસાણા નગરપાલિકાના બોર્ડમાં કોગ્રેસે ઘર વાપસી કરીને તમામ કમિટીઓ પોતાની પાસે લઈ લીધા બાદ સત્તા કોગ્રેસે સંભાળી લીધી છે અને આજે વિધાનસભાના ગૃહમાં વિરોધ પક્ષ તરીકે પરેશ ધાનાણીની નિમણુક સહિત ભરતસિહ સોલંકીને પ્રદેશ પ્રમુખ તરીકે યથાવત રાખતા કોગ્રેસે જશન મનાવ્યું હતું. આજે કોગ્રેસના કકળાટનો મહેસાણા નગરપાલિકામાં અંત આવ્યો હતો પ્રમુખની અવિશ્વાસની દરખાસ્તને ભાજપે મંજુર કર્યા બાદ કોગ્રેસે સત્તા હસ્તગત કરી હતી અને



ભાજપે કોગ્રેસનો સાથ લઈને પ્રમુખ સહિતના હોદ્દા બળવાખોરો સાથે મળીને કર્યું હતું. જ્યારે આજે બોર્ડ સમાપ્ત થયા બાદ કોગ્રેસે સત્તા ફરીવાર હાસલ કરી છે જેમાં ૮ સભ્યો આજે કોગ્રેસમાં પરત ફર્યા છે જ્યારે હજુ બે સભ્યો આવ્યા ન હતા અને ભાજપનો એક સભ્ય આજે કોગ્રેસમાં આવી ગયો હતો અને વિધાનસભાના ગૃહમાં વિરોધ પક્ષ તરીકે પરેશ ધાનાણીની નિમણુક સહિત ભરતસિહ સોલંકીને પ્રદેશ પ્રમુખ તરીકે યથાવત રાખતા કોગ્રેસે આજે મહેસાણામાં જશન મનાવ્યું હતું. તોરણવાડી ચોકમાં ફટાકડા ફોડીને કોગ્રેસની જીતને ખુશીમાં તબદીલ કરવામાં આવી હતી તેમ કીર્તીસીહ ઝાલા કોગ્રેસ જિલા પ્રમુખ મહેસાણાએ જણાવ્યું હતું.

# ખોટા દસ્તાવેજો રજુ કરીને ૧૭ કરોડની દેના બેંક સાથે ઠગાઈ

મહેસાણાના કડી નજીક આવેલ એક જીનીંગ મિલના સાત ભાગીદારોએ દેના બેન્કનું કરોડોનું કરી નાખ્યું છે. બેન્કના મેનેજરે નોધાવેલ ફરિયાદ મુજબ જીનીંગ મિલના સાત ભાગીદારો અને સી.એ.એ બેંક સમક્ષ ખોટા સ્ટોક અને ઉઘરાણીપત્રક રજુ કર્યા હતા અને બેંક પાસે લીધેલ રૂ.૧૭ કરોડની છેતરપીંડી કરી હોવાનું જણાતા બેંક મેનેજરે ફરિયાદ નોધાવી છે.

મહેસાણાના કડીની દેના બેંક શાખા સાથે રૂ.૧૭ કરોડની છેતરપીંડીની ફરિયાદ નોધાવા પામી છે. બેંક મેનેજર દ્વારા નોધાયેલ ફરિયાદ મુજબ કડી તાલુકાના વિડજ ગામ નજીક આવેલ સર્વે નંબર ૩૦૮ અને ૩૪૫/૨ ના મેસર્સ એકતા કોટ ફાઈબર્સ રજીસ્ટર્ડ જીનીંગ મિલના ભાગીદારી પેઢીના સાત ભાગીદારોએ કડીની દેના બેંક શક્ખામાંથી માલના સ્ટોક તેમજ મશીનરી મેન્ટેનન્સ અને રીપેરીંગ તેમજ સ્ટોકના સપ્લાયરોને એડવાન્સ પેટે પેમેન્ટ કરવા માટે રૂ.૧૬.૩૦ કરોડની લોન લીધી હતી. જે લોન લઈને આ સાતેય શક્ષોએ કડી દેના બેન્કની મંજુરી સિવાય અમદાવાદ સી જી રોડ સ્થિત જમ્મુ એન્ડ કાશ્મીર બેંકમાં પેઢીનું ખાતું ખોલાવ્યું હતું. જેમાં સ્ટોક વેચાણ રકમ જમા કરાવી તે રકમ ઉપાડી લીધી હતી. અને આ સાત ભાગીદારો તેમજ તેમના સી.એ. મનીષ દવે એન્ડ કંપની પાસે સ્ટોક પત્રક અને ઉઘરાણી પત્રક તેમાં જણાવ્યા મુજબનો સ્ટોક અને ઉઘરાણી નહિ હોવા છતાં ખોટા પત્રકો બનાવ્યા હતા. જે પત્રકો કડી દેના બેંક શાખામાં ખરા તરીકે રજુ કર્યા હતા અને બેંક સાથે રૂ.૧૬.૩૦ કરોડના વ્યાજ સાથે રૂ.૧૭ કરોડ બાવન લાખની ભરપાઈ નહિ કરીને છેતરપીંડી કર્યાની ફરિયાદ નોધાવાયેલ છે. કે એલ પટણી, પી.એસ.આઈ., કડી પોલીસ સ્ટેશન એ જણાવ્યું છે. આમ, એકતા કોટ જીનીંગ મિલના સાત ભાગીદારો પૈકી ૧-પટેલ રમેશ મણીલાલ, ૨-પટેલ અમિત રમેશભાઈ, ૩-પટેલ રશ્મીનકુમાર રમેશભાઈ, ૪-પટેલ ડીમ્પલબેન અમિતકુમાર, ૫-પટેલ અનસુયા રશ્મીનભાઈ, ૬-પટેલ હસમુખ કનુભાઈ, અને ૭-જોશી લક્ષ્મીકાંત બાબુભાઈ વિરુદ્ધ કડી દેના બેંક મેનેજર કલાલ હકીમઆલમ રૂફઆલમએ કડી પોલીસ મથકે છેતરપીંડીની ફરિયાદ નોધાવેલ છે. જે મુજબ કડી પોલીસે આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

## થરાદ પોલીસે ખોડા ચેકપોસ્ટ પરથી દારૂ ઝડપ્યો

થરાદ પોલીસે બાતમીના આધારે ખોડા ચેક પોસ્ટ પર નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવી રહેલ ગાડી નંબર પીબી ૦૫એફ૭૧૩૫ને ચેક કરતાં સડેલા બટાકાના કટ્ટામાંથી દારૂ ઝડપી બેની અટકાયત કરી છે.

# ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો હરાજીનો ઠરાવ ઘોળીને પી ગયા

### દુકાન ખરીદનાર વેપારીઓ પાસેથી હજુ પણ પૈસા ન વસુલતા ધાનેરા પાલિકામાં હોબાળો : પાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા આ બાબતે જવાબ માંગતા પાલિકા પ્રમુખ સહીત કર્મચારીઓએ પણ પાલિકા છોડી ચાલતી પકડી

ધાનેરામાં નગરપાલિકા દ્વારા થોડા સમય અગાઉ પાલિકા બજાર શોપિંગની હરાજી કરી હતી અને જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લઈ દુકાનો પણ ખરીદી હતું પરંતુ આજે ધાનેરામાં લોકો દુકાનના પૈસા ન ભરતા ધાનેરામાં અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે અને હરાજી રદ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે આ બાબતે પાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા ધાનેરા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી કાયદેસર ની કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

ધાનેરામાં ત્રણ માલનું શોપિંગ બનાવ્યું હતું ત્યારે ગરીબ વેપારીઓ દ્વારા હાઈકોર્ટનો સહારો લેતા પાલિકા બજારનું શોપિંગ અધૂરી અને ખંડેર હાલતમાં પડ્યું હતું પરંતુ વર્ષો બાદ પાલિકાના સત્તાધીશો પોતાના પાવરના જોરે આ પાલિકા બજાર શોપિંગની હરાજી હાથ ધરી હતી જેમાં ૧૦૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને ૨૫૦૦ હજાર જેટલી ડિપોઝીટ પણ ભરી હતી અને ૫૦ લાખથી વધુની રકમથી આ



દુકાનો ખરીદી હતી ત્યારે પાલિકાના સત્તાધીશો દ્વારા ઠરાવ કરવામાં આવ્યો હતો કે દુકાન ખરીદનાર વ્યક્તિએ ચોથા ભાગની રકમ હરાજીના સ્થળ ઉપર જ ભરવાની રહેશે તે બાદ જ દુકાનનો સાચો હકદાર બનશે પરંતુ આજે હરાજી પુરી થયા ને ૫ દિવસ જેટલો સમય વીત્યો છે છતાં પણ લોકો ધ્વરા ચોથા ભાગ ની રકમ ભરવામાં નથી આવી ત્યારે ધાનેરા માં અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે કે લોકો આ મોંઘીઘાટ દુકાનના પૈસા ભરી દુકાન ખરીદશે કે પછી પાલિકા ના સત્તાધીશો ને ફરીથી હરાજી કરાવી પડશે ત્યારે આજે આ બાબતે ધાનેરા પાલિકા ના પૂર્વ પ્રમુખે અવાજ ઉઠાવ્યો છે અને ધાનેરા પ્રાંત અધિકારી ને આ બાબતે કાયદેસર ની કાર્યવાહી કરવા માટે માંગણી પણ કરી છે અને મીડિયા સાથે ની વાત ચિટ માં જણાવ્યું હતું કે ધાનેરા નગરપાલિકા ના સત્તાધીશોએ નિયમોનું ભંગ કર્યું છે અને જો એમની સામે કાયદેસર ની કાર્યવાહી કરવામાં નહિ આવે તો હું ફરીથી હાઈકોર્ટ જઈશ ધાનેરા નગરપાલિકા સ્પોનગ હરાજી માં ભાગ લેવા માટે લોકોએ ૨૫ હજાર રૂપિયા દોપિત ભરી હતી અને હરાજી ભાગ લીધો હતો પરંતુ વેપારીઓ ના બજેટ બહાર દુકાનોના ભાવ બોલતા વેપારીઓએ દુકાન ખરીદી ન હતી અને આજે પોતાની ડિપોઝીટ લેવા માટે નગરપાલિકા માં ધક્કા ખાઈ રહ્યા છે છતાં પણ પાલિકા ના સત્તાધીશો દ્વારા વેપારીઓઅને કોઈ જવાબ ન આપતા વેપારીઓ માં ભારે નારાજગી જોવા મળી રહી છે ધાનેરા પાલિકા ના ચાલુ સત્તાધીશો ધ્વરા દાદાગીરી પાલિકા બજાર શોપિંગ ની હરાજી કરી હતી અને તે બાદ આજે પણ લોકો આ અણઘટ વહીવટ થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આજે આ બાબતે ધાનેરા પાલિકા ના પૂર પ્રમુખ બળવંતભાઈ બારોટ ધ્વરા અવાજ ઉઠાવતા ધાનેરા નગરપાલિકા માં ચકચાર મચી જવા પામ્યો હતો અને પાલિકા ના પ્રમુખ સહીત કેટલાક કર્મચારીઓ પણ પાલિકા થી ચાલતી પકડી ચાલતા થયા હતા પરંતુ અત્યારે તો ધાનેરા માં એક જ વાત સાંભળવા મળી રહી છે કે પાલિકા ના ચાલુ સત્તાધીશોએ પોતાની મનમાની કરી શોપિંગ ની હરાજી કરી છે અને આજે પણ પોતાની મનમાની ચલાવી રહ્યા છે ત્યારે પાલિકા ના ચાલુ સત્તાધીશો નો ઘમંડ આવનારી પાલિકા ની ચૂંટણી આડે આવે અને ભાજપ ને ધાનેરા નગરપાલિકા ગુમ્મવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

# અરવલ્લી જિલ્લા સ્વદેશી જાગરણ મંચે ચાઈનીઝ દોરી, તુક્કલ અને પતંગ વેચાણ સામે આવેદનપત્ર આપ્યું

અરવલ્લી, તા. ૮

ઉત્તરાયણ પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ચાઈનીઝ



દોરી, તુક્કલ અને પતંગોના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં વેપારીઓ અને સ્ટોલ ધારકો દ્વારા અંદરખાને ધૂમ વેચાણ કરવામાં આવતા ચાઈનીઝ દોરી માણસો સહીત પક્ષીઓ માટે પ્રાણઘાતક સાબિત થાય તે પૂર્વે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કાર્યરત સ્વદેશી જાગરણ મંચ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ચાઈનીઝ દોરી અને તુક્કલ વેંચતા લોકો સામે સખ્ત કાર્યવાહી કરવા માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લા સ્વદેશી જાગરણ મંચના સંયોજક અને જીવદયાપ્રેમી નિલેશ જોશી, વિભાગીય સંયોજક ચૈતન્ય ભટ્ટ, ઉસ્માનગની બાયડીયા, જગદીશ પટેલ અને તેમની ટીમે શનિવારે જિલ્લા કલેક્ટર(ઈન્ચાર્જ) સ્તુતિ ચારણને આવેદનપત્ર આપી જિલ્લાના કેટલાક વેપારીઓ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, તુક્કલ અને પતંગનું વેચાણ કરવામાં આવતા ચાઈનીઝ દોરી અને તુક્કલથી પક્ષીઓ અને પ્રાણીઓ સહીત માણસો માટે પ્રાણઘાતકરૂપ બનતા અને આકાશમાં ઉડતા પક્ષીઓ ઘાયલ થતા હોવાથી ચાઈનીઝ દોરી અને તુક્કલ વેચાણ કરતા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

તદુપરાંત જિલ્લામાં પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી બનાવ્યા બાદ મૃતપાય હાલતમાં હોવાથી કાર્યરત કરવા રજુઆત કરી બીમાર બિનવારસી પશુઓને સારવાર સતત મળી રહે તે માટે સરકારી જગ્યામાં પાંજરાપોળ માટે ફાળવણી કરવા માટે રજુઆત કરી હતી.

## મોડાસા એમએસસી કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

મોડાસા, તા. ૮

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી) કલેજના



સેમીસ્ટર-૯ના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષામાં જવલંત સફળતા મંળવી છે.

જેમાં ઉપરોક્ત વિદ્યાર્થીઓ યુનિ.માં શર્મા ઉર્વિ એસ. (ચોથો), સોની નિધિ આર. (છઠ્ઠો), રહેવર કવિતા એસ. (નવમો) અને પુરોહિત નિલ આર. (દસમો) સ્થાન મેળવ્યું છે. તેમજ કોલેજનું પરિણામ ૧૦૦ ટકા મેળવેલ છે. જે બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તેમજ માનદમંત્રી અરવિંદભાઈ જે. મોદીએ કોલેજના પ્રિન્સિપાલ મરિમલ એમ. શાહ તેમજ સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## મોડાસા એસઓજી પોલીસે વાનમાંથી જપ્ત કરેલા શંકસ્પદ અમૂલ ઘીના ૧૧૩ પાઉચ પર ભાવનગર ડેરીનો ટ્રેડમાર્ક

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા બાયપાસ રોડ પરથી પસાર થતી મારુતિ વેનને અટકાવી તલાશી હાથ



ધરાતા કારમાંથી ૧૧૩ પાઉચ અમુલ ઘીના મળી આવતા કારચાલક સહીત અન્ય એક શખ્શને ઘીના પાઉચના બીલ માંગતા બીલ ન હોવાનું જણાવતા શંકાસ્પદ અમુલ ઘીના પાઉચ જપ્ત કરી આ અંગે મોડાસા રૂરલ પોલીસે શકમંદ તરીકે બંને શખ્સ સામે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા મેઘરજ રોડ પર આવેલી પેલેટ હોટલ નજીકથી મારૂતીવાન (ગાડી. નં-જીજે.૦૯.બીસી.૭૧૦૯)માં મદનલાલ ગૌતમભાઈ મહેશ્વરી (રહે. ડબાફળી, બેરણા, હિંમતનગર) અને ધનજીજીણાભાઈ સલાટ (રહે. હિંમતનગર) શંકાસ્પદ ૧૧૩ અમુલ ઘીના પાઉચ સાથે ઝડપી પાડી બીલ રજુ ન કરી શતતા બંનેને એસઓજી પોલીસે અટક કરી પી.આઈ પી.ડી દરજી દ્વારા શંકાસ્પદ ઘી અંગે વધુ તપાસ હાથ ધરી આ અંગે સાબરડેરીના જવાબદાર અધિકારીઓને જાણ કરતા તાત્કાલિક મોડાસા દોડી આવ્યા હતા અને આ પાઉચ ભાવનગર ડેરીનો ટ્રેડમાર્ક અને બેચ નંબર હોવાનું જણાવતા આ અંગે એસઓજી પોલીસે ભાવનગર ડેરીના જવાબદાર અધિકારીઓને લેખિતમાં જાણ કરવામાં આવી હતી.